# SHREE VASISHTHA VIDHYALAYA

GUJARATI MEDIUM I BILINGUAL MEDIUM I ENGLISH MEDIUM (GSEB)

।। परस्परं भावयन्तः ।।

**પ્રબળ આત્મવિશ્વાસ એ જ મહાન કાર્યનો જનક છે. - સ્વામી વિવેકાનંદ**

સ્નેહી વાલીશ્રી, વંદે માતરમ્

પ્રવર્તમાન સમય એ પરિવર્તનનો સમય છે. આજે દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવશ્યક બની રહ્યું છે ત્યારે શૈક્ષણિક ક્ષેત્રમાં ગુજરાતી માધ્યમની શાળાઓમાં **દ્વિભાષી માધ્યમ**નો કન્સેપ્ટ સ્થિર થયો છે, તે આપ જાણો છો..

## દ્વિભાષી માધ્યમ શું છે?

- **દ્વિભાષી માધ્યમ** એ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી સુરતની મંજૂરીથી ચાલતા વર્ગો છે.
- દ્વિભાષી માધ્યમના વર્ગો ધો.3 થી જ શરૂ કરવામાં આવે છે, ત્યારબાદ ક્રમશઃ આ વર્ગના વિદ્યાર્થીને દ્વિભાષી માધ્યમના વર્ગમાં અભ્યાસ કરવાનો હોય છે.
- દ્વિભાષી માધ્યમના વર્ગમાં ધો.3 ના જે વિદ્યાર્થી જોડાય છે તે વિદ્યાર્થીને ધો.3 અને ધો.4 માં ગણિત અને પર્યાવરણ અંગ્રેજી અને ગુજરાતી દ્વિભાષી ભાષામાં ભણવાના હોય છે, ત્યારબાદ ધો.5 થી ધો.10 સુધી ક્રમશઃ દરેક ધોરણમાં ગણિત અને પર્યાવરણ/ વિજ્ઞાન અંગ્રેજીમાં જ ભણવાના હોય છે.
- દ્વિભાષી માધ્યમના વર્ગમાં જે વિદ્યાર્થી હોય તેને ધો.10 માં પણ બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ગણિત-વિજ્ઞાનનું પેપર અંગ્રેજીમાં આપવાનું હોય છે.
- આપણા બાળકો ગુજરાતી માધ્યમમાં ભણે છે તેનું આપણને ગૌરવ છે છતાં દ્વિભાષી માધ્યમ દ્વારા ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવી શકાય. ગણિત અને વિજ્ઞાન જેવાં પાયાના વિષયને ઉત્તમ રીતે અંગ્રેજીમાં ભણાવી શકાય તેથી દ્વિભાષી માધ્યમના વર્ગો શરૂ કરવામાં આવેલ છે. આપણી શાળામાં છેલ્લા 9 વર્ષથી દ્વિભાષી માધ્યમ ચાલે છે અને આ વર્ષે શાળાનો દ્વિતીય બેચ ધો: 10 ની દ્વિભાષી માધ્યમમાંથી બોર્ડની પરીક્ષા આપવાના છે.
- હાલમાં ધો.2 માં અભ્યાસ કરતા બાળકો શૈક્ષણિક વર્ષ 2026-27 માં ધો.3 થી દ્વિભાષી માધ્યમના વર્ગમાં જોડાવા ઇચ્છે છે તેમના વાલાશ્રીએ નીચે આપેલ સંમતિ પત્રક ભરીને વર્ગ શિક્ષકને બે દિવસમાં જમા કરાવવાનું રહેશે.
- ગત વર્ષનું ધો. 10 નું પ્રથમ બેચનું પરિણામ પણ ખૂબ જ સરસ આવેલ છે. તે આપ જાણો છો.

નોંધ :-
દ્વિભાષી માધ્યમ અંગે વિશેષ માહિતી મેળવવાની જરૂરિયાત જણાય તો શાળા સમય દરમિયાન પ્રાથમિક વિભાગના સુપરવાઈઝરશ્રી/આચાર્યશ્રીનો સંપર્ક કરવો.

---

## સંમતિ પત્રક

પ્રતિ,
આચાર્યશ્રી, શ્રી વસિષ્ઠ વિધાલય.

તા.

મારો પુત્ર/પુત્રી ____________________________________________ ઉપરોક્ત શાળામાં ધોરણ/વર્ગ :-______ માં અભ્યાસ કરે છે. મારા બાળકના ધો. 3 થી 10 સુધીના જે તે ધોરણના અભ્યાસના વિષયોમાંથી ગણિત અને પર્યાવરણ/વિજ્ઞાન આ બે વિષય બાળકના ઉચ્ચ અભ્યાસના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ધોરણ–3 અને 4 માં દ્વિભાષી (અંગ્રેજી અને ગુજરાતી) ત્યારબાદ ક્રમશઃ અંગ્રેજી ભાષામાં ભણાવવા અંગેની એટલે કે દ્વિભાષી માધ્યમમાં ભણાવવાની અમો સંમતિ આપીએ છીએ.

પિતાનું પૂરું નામ :- ______________________________ પિતાની સહી :– ______________ મો. નં :- ______________

માતાનું પૂરું નામ :- ______________________________ માતાની સહી :– ______________ મો. નં :- ______________

વાલીશ્રીનું કાયમી સરનામું :- ____________________________________________________________

____________________________________________________________________________________